સંક્ષિપ્ત સમાચાર

દાહોદના મનકામેશ્વર મહાદેવ મંદિરેથી નીકળેલી કાવડયાત્રામાં ૧૫૧ કાવડિયા જોડાયા

દાહોદ : દાહોદ ખાતે આજે પડાવ સર્કલ સરદાર ચોક ખાતેના મનકામેશ્વ મહાદેવ મંદિરેથી બમ બમ ભોલેનાથ ગગનભેદી નાદ સાથે નીકળેલ કાવડયાત્રા દાહોદ નજીક ચોસાલા ગામે આવેલ કેદારનાથ મહાદેવ મંદિરે પહોંચી દેવાધિદેવ મહાદેવને જલાભિષેક કરી કાવડીયાત્રામાં જોડાયેલા ૧૫૧ કાવડિયા સહિત અન્ય શિવભક્તોએ ધન્યતા અનુભવી હતી. કાવડીયાત્રાનું બસ સ્ટેશન પાસે શહેરના ભાવિકોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. . આજરોજ સવારમાં નિધારિત સમયે દાહોદ શહેરના પડાવ સર્કલ, સરદાર ચોક ખાતે આવેલ મનકામેશ્વર મહાદેવ મંદિરેથી બમ બમ ભોલેના ગગન ભેગી નાદ સાથે વાજતે ગાજતે ભવ્ય કાવડ યાત્રા નીકળી હતી. જ્યાં મહાદેવને જલાભિષેક કરવામાં આવ્યો હતો. આ કાવડીયાત્રામાં ૧૫૧ જેટલી કાવડ લઈ કાવડિયાઓ જોડાયા હતા.

કાલોલના સાતમણાના સનાતન નર્મદા ઘાટથી ભવ્ય કાવડ યાત્રા યોજાઈ

કાલોલ : કાલોલ તાલુકાના સાતમણા-નારણપુરા પાસે આવેલા સનાતન નર્મદા ઘાટ ખાતેથી આજે પવિત્ર નર્મદા મૈયાના નીર ભરીને સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિમાં એક ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં ૨૦૦૦થી પણ વધુ કાવડિયાઓ અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમંગભેર જોડાયા હતા.સનાતન ધર્મના પ્રતીકો, તુલસીના છોડ અને ગાયના જોડા સાથે નિકળેલી આ કાવડ યાત્રા સાતમણા સનાતન નર્મદા ઘાટથી પ્રસ્થાન થઈને ડેરોલ સ્ટેશન તથા કાલોલ શહેરના મુખ્ય હાઈવે પરથી શિસ્તબદ્ધ રીતે પસાર થઈ હતી. યાત્રા દરમિયાન "હર હર મહાદેવ", "બમ બમ ભોલે" અને "ભારત માતા કી જય"ના નારાઓથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

પવિત્ર શ્રાવણ માસના પહેલા સોમવારે સિંગવડમાં પાંચમી કાવડયાત્રા યોજાઈ

સિંગવડ : સિંગવડ નગરમાં પાંચમી ભવ્ય કાવડ યાત્રા યોજાઈ ત્રિવેણી સંગમ બાંડીબાર થી સિંગવડ ના રત્નેશ્વર મહાદેવ ખાતે કાવડ યાત્રીઓ દ્વારા શ્રાવણ ના પહેલા સોમવારે જલાઅભિષેક કરવામાં આવ્યો સિંગવડ નગર તથા આજુબાજુના કાવડ યાત્રી કો સવારે 8:00 વાગ્યે ત્રિવેણી સંગમ બાંડીબાર પહોંચી જઈને ત્યાંથી 200 થી 250 જેટલા કાવડયાત્રી કો કાવડમાં જળ ભરીને નીકળ્યા હતા જ્યારે આ યાત્રા બાંડીબાર આશ્રમ શાળા પર આવી પહોંચી હતી ત્યાં આશ્રમશાળા ના સંચાલક મુન્નાભાઈ લબાના તથા તેમના પરિવાર દ્વારા કાવડયાત્રી કોને ફલાહાર આપવામાં આવ્યું હતું ત્યાંથી કાવડ યાત્રા કેસરપુર થઈને છાપરવાડ આવી ત્યારે છાપરવડ પણ ચા તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રાવણના પ્રથમ સોમવારે લીમખેડામાં કાવડ યાત્રાનું આયોજન કરાયું

લીમખેડા : હાલ સમગ્ર દેશમાં પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે જે દરમિયાન વિવિધ તહેવારોની ઉજવણી થશે ત્યારે શ્રાવણના પ્રથમ સોમવારે લીમખેડામાં કાવડ યાત્રાનું આયોજન શિવ ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં લીમખેડા નગરના ભાવિક ભક્તો દ્વારા લીમખેડા થી ૧૭ કિલોમીટર દુર પ્રાચીન દેવઝરી મહાદેવ મંદિરથી લીમખેડાનાં હસ્તેશ્વર મહાદેવ મંદિર સુધીની કાવડ યાત્રામાં લીમખેડા નાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર લીમખેડા ગામ બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યુ હતુ અને નાના થી માંડીને મોટા અને વડીલો તેમજ વૃદ્ધો સૌ કોઇ વહેલી સવારથી જ શિવમંદિરોમાં થઇ મહાદેવને રીઝવવાના પ્રયાસો કરતા જોવા મળ્યા હતા.

દાહોદ જિલ્લાની કતવારા પોલીસનો સપાટો : ગુનેગારોમાં ફફડાટ વ્યાપ્યો

સ્કોર્પિયોનો ફિલ્મી ઢબે પીછો કરી ૩.૬૪.૬૨ લાખથી વધુનો પોષ ડોડાના જથ્થો ઝડપ્યો

કતવારા પોલીસે પોષડોડા તેમજ સ્કોર્પિયો મળી કુલ ૩.૬૪.૬૨ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.17 ૧૪મી ઓગસ્ટના રોજ રાત્રિના સમયે કતવારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર યુએમ ગાવીત, આર .... અલ્તાપખાન બસીરખાન પઠાણ તથા સ્ટાફના અન્ય પોલીસ કર્મી ઓની ટીમ પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રી પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન કઠલા ગામે રોડ પરથી પૂરપાટ પસાર થઈ રહેલ મહિન્દ્રા કંપનીની કાળા કલરની નંબર વગરની સ્કોર્પિયો ફોરવીલ ગાડી પોલીસને શંકાસ્પદ જણાતા પોલીસે તે ગાડી ઊભી રાખવાનો હાથથી ઈશારો કર્યો હોવા છતાં સ્કોર્પિયો ગાડીના ચાલકે ગાડી ઉભીના રાખી જેથી તેનો પીછો કરતા રોડ પર આવેલ દાહોદ તાલુકાના રામપુરા ગામે ગાડીનું ટાયર પંક્ચર થઈ જતા ગાડીનો ચાલક તથા બંદૂક જેવા હથિયાર સાથે બેઠેલ સહિત બંને જણા ગાડી રોડ પર જ મૂકી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. જે ગાડી કતવારા પોલીસે રામપુરા ગામે રોડ પરથી કબજે લઈ ગાડીમાં તલાસી લેતાં બિનવારસી હાલતમાં ગાડીમાં પ્લાસ્ટિકના મીણીયાના થેલા, તથા સાડીનું પોટલું વગેરે નજરે પડતા પોલીસે તે તમામ કબજે લઈ મીણીયાના થેલા ખોલીને જોતા તેમાં પ્રતિબંધિત એવા અફીણના પોષડોડાને વિપુલ જથ્થો નજરે પડ્યો હતો પોલીસે પ્લાસ્ટિકના મીણીયાના થેલા નંગ-૨૧, મીણીયાના નાના થેલા નંગ-૨ તથા સાડીનું પોટલું નંગ-૧ વગેરેમાં ભરેલ કુલ રૂપિયા ૬૪,૬૨, ૪૫૦/-ની કુલ કિંમતના આશરે ૪૩૦.૦૮૩ કિલોગ્રામ વજનના પ્રતિબંધિત એવા અફીણના પોષડોડા પકડી પાડી સદર પ્રતિબંધિત એવા પોષડોડાની ગેર કાયદેસર હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા ૧૦ લાખની કિંમતની સ્કોર્પિયો ગાડી મળી કુલ રૂપિયા ૭૪, ૯૨, ૪૫૦/-નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

---

૩૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા

શ્રી ગોવિંદ ગુરુ યુનિના સમાજશાસ્ત્ર વિભાગમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

(પ્રતિનિધી) ગોધરા, તા. ગોધરાની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગમાં યુનિવર્સિટીના ટ્રાયબલ ચેરના માર્ગદર્શન હેઠળ વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓને આદિવાસી સમાજની સમૃદ્ધ સંસ્કૃતિ, રીત-રિવાજો અને સામાજિક વારસાથી પરિચિત કરાવવા તેમજ તેના જતન પ્રત્યે જાગૃતિ કેળવવાના મુખ્ય ઉદ્દેશ્યથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિભાગના સેમેસ્ટર-૧ અને ૩ ના આશરે ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ નિબંધ, રંગોળી, વકતૃત્વ અને ચિત્ર સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓ થકી વિદ્યાર્થીઓની સર્જનાત્મક અભિવ્યક્તિને અને આદિવાસી લોકજીવનની સમજને મોટું પ્રોત્સાહન મળ્યું હતું. સમગ્ર આયોજન સમાજશાસ્ત્ર વિભાગના કો-ઓર્ડીનેટર ડૉ. બીના વાઢીયા તેમજ અન્ય અધ્યાપકગણના સીધા માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પડ્યું હતું. સ્પર્ધાઓના મૂલ્યાંકન માટે અનુસ્નાતક ગુજરાતી અને મનોવિજ્ઞાન વિભાગના પ્રાધ્યાપકોએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. તેમના નિષ્પક્ષ મૂલ્યાંકન અંતર્ગત વિવિધ કેટેગરીમાં વિજેતાઓ જાહેર કરાયા હતા.

મધ્યાહન ભોજન કર્મીઓના મોરચા દ્વારા પંચમહાલ કલેક્ટરને આવેદન

માસિક ૩૦,૦૦૦ વેતન અને શાળા પોષણ સહાયકના દરજ્જા સહિત વીમા કવચની માંગ

(પ્રતિનિધી) ગોધરા, તા. પીએમ પોષણશક્તિ નિર્માણ (મધ્યાહન ભોજન) યોજનાના કર્મચારીઓએ તેમની પડતર માંગણીઓના ઉકેલ માટે ભારતીય મજદૂર સંઘના નેજા હેઠળ પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરીએ પ્રદર્શન કરી આવેદનપત્ર પાઠવ્યું હતું. કલેક્ટર મારફતે મુખ્યમંત્રીને કરાયેલી આ રજૂઆતમાં કર્મચારીઓને લઘુત્તમ વેતન ધારા હેઠળ આવરી લઈને માસિક ૩૦,૦૦૦ વેતન આપવાની મુખ્ય માંગ કરાઈ હતી. આવેદનપત્રમાં જણાવાયું છે કે, અગાઉ માત્ર એક સમયના ભોજન માટે નિમાયેલા આશરે ૨૮,૦૦૦ સંચાલકો હાલમાં ચાર-ચાર પોષણ યોજનાઓ સંભાળી રહ્યા છે. વધેલા કાર્યભારને જોતાં તેમની જગ્યા અપગ્રેડ કરી તેમને શાળા પોષણ સહાયક જાહેર કરવા જોઈએ. ઉપરાંત, ભોજન બનાવવાની કામગીરીમાં રહેલા અગ્નિના જોખમને ધ્યાનમાં રાખીને કર્મચારીઓ માટે જૂથ વીમા યોજના લાગુ કરવા અને કોઈ દુર્ઘટના બને તો પીડિત પરિવારને મુખ્યમંત્રી સહાય યોજનામાંથી ૪,૦૦,૦૦૦ની આર્થિક મદદ આપવા ભાર મુકાયો છે.

કાલોલના ચલાલી ચોકડી પાસેથી ગેરકાયદેસર સાદી રેતી ભરેલું ડમ્પર ઝડપાયું

કાલોલ : કાલોલ તાલુકાના રોયણ ખાતે આવેલી ગોમા નદીમાંથી ગેરકાયદેસર રીતે સાદી રેતી ભરીને જતું એક ડમ્પર કાલોલ સર્કલ ઓફિસર દ્વારા ઝડપી પાડવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, તા. ૧૭/૦૮/૨૦૨૬ ના રોજ ગોમા નદીમાંથી સાદી રેતી ભરીને જઈ રહેલા ડમ્પર નંબરઃ GJ-17-XX-5543 ને ચલાલી ચોકડી, વેજલપુરથી ભારત સિલિકા સુરેલી તરફ જતા સમયે રાઉન્ડ દરમિયાન સર્કલ ઓફિસર દ્વારા રોકીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ડમ્પર ચાલક પાસે અસલ રોયલ્ટી પાસ કે વજન કાંટાની પહોંચ મળી આવી ન હતી. જેથી કાર્યવાહી હાથ ધરી છે.

સરપંચને સસ્પેન્ડ કરવાની માંગ

દાહોદના ધાનપુરના મોટી મલુ ગામે ગ્રામસભામાં હોબાળો

વિડિયો ઉતારવા બાબતે અને ગ્રામજનોના સવાલોને લઈને વિવાદ વકર્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.17 દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના મોટી મલુ ગામે યોજાયેલી ગ્રામસભા દરમિયાન ભારે હોબાળો સર્જાયો હતો. ગ્રામસભામાં વિડિયો ઉતારવા બાબતે તેમજ ગ્રામજનો દ્વારા પૂછવામાં આવેલા વિવિધ સવાલોને લઈને વિવાદ વકર્યો હતો. વાત વધુ વણસતાં સરપંચના પરિવારજનો દ્વારા ગ્રામસભામાં હાજર કેટલાક ગ્રામજનો સાથે મારામારી કરવામાં આવી હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. ઘટનાને પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ મામલે મોટી મલુ ગામના ગ્રામજનો એકત્રિત થઈ દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં ગ્રામજનોએ સરપંચ સામે કાર્યવાહી કરી તેમને તાત્કાલિક અસરથી હોદ્દા પરથી સસ્પેન્ડ કરવાની માંગ કરી છે. ગ્રામજનોએ આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે. સાથે જ, જો તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે ધરણાં-પ્રદર્શન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

પંચમહાલમાં જંગલ જમીનના ૧૬,૨૬૩ પડતર દાવાઓ અંગે ચિંતા

ખેડૂતોને ન્યાય અપાવવા એકલવ્ય સંગઠનનું કલેક્ટરને આવેદનપત્ર

(પ્રતિનિધી) ગોધરા, તા.17 પંચમહાલ જિલ્લાના જંગલ વિસ્તારોમાં વર્ષોથી ખેતી કરી ગુજરાન ચલાવતા આદિવાસી ખેડૂતોને વન અધિકાર કાયદા હેઠળ જમીનના કાયમી હક્ક અપાવવા માટે એકલવ્ય સંગઠન દ્વારા પંચમહાલ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં જિલ્લાના ૫૧૮ ગામોમાં ખેડૂતો દ્વારા કુલ ૨૧,૦૩૪ દાવા અરજીઓ નોંધાવવામાં આવી હતી. જેમાંથી જૂન ૨૦૧૯ સુધીમાં માત્ર ૪,૭૭૧ દાવાઓ મંજૂર કરવામાં આવ્યા હતા. જ્યારે બાકીના ૧૬,૨૬૩ દાવાઓ પર ઓગસ્ટ ૨૦૨૬ સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી અને આ હજારો દાવાઓ હાલ પડતર છે. સંગઠને ગંભીર આક્ષેપ કર્યો છે કે વન વિભાગ દ્વારા કાયદાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવતું નથી. જે ખેડૂતોના દાવા મંજૂર થયા છે તેમને કાયદા મુજબ ૪ હેક્ટરની મર્યાદામાં ખરેખર ખેડાણવાળી પૂરેપૂરી જમીન આપવાના બદલે માત્ર થોડા ગુંઠા જમીન ફાળવીને અન્યાય કરવામાં આવ્યો છે. ખેડૂતોના ઘર, કૂવા, બોર અને વીજ કનેક્શન જેવા નક્કર દર્શાનિક પુરાવાઓને માન્ય રાખવાને બદલે માત્ર ગીર ફાઉન્ડેશનની સેટેલાઈટ ઈમેજના આધારે દાવાઓ નામંજૂર કરવામાં આવી રહ્યા છે જે હાઈકોર્ટના વર્ષ ૨૦૧૩ના ચુકાદાની સ્પષ્ટ વિરુદ્ધ છે તેમ પણ જણાવ્યુ હતુ.

ઝાલોદમાં રોડ લાઈટના અજવાળે જુગાર રમતા ચાર ઝડપાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.20 શ્રાવણ મહિનાના પ્રારંભથી જ જિલ્લામાં શ્રાવણીયા જુગાર પર જિલ્લા પોલીસે લાલ આંખ કરી છે. અને આ બાબતે બાતમી મેળવવા પોતાના ખાનગી બાતમીદારોને આદેશ આપ્યા છે. તેવા સમયે ઝાલોદની શ્યામવિહાર સોસાયટી માં ખુલ્લામાં કેટલાક લોકો સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા પાના વડે પૈસાથી હાર જીતનો શ્રાવણીયો જુગાર રમતા હોવાની બાતમી ઝાલોદ પોલીસને મળી હતી. જે બાતમીને આધારે ઝાલોદ પોલીસે ને રાત્રિના સાડા દશ વાગ્યાના સમારે ઝાલોદ નગરમાં આવેલ શ્યામ વિહાર સોસાયટીમાં ખુલ્લામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે રમાઈ રહેલા શ્રાવણીયા જુગાર પર ઓચિંતો છાપો મારી જુગાર રમી રહેલા ખેલીઓમાં નાસ-ભાગ મચે તે પહેલાં જ પોલીસે શ્રાવણીયો જુગાર રમી રહેલા ઝાલોદ તાલુકાના મહુડી ગામે પારગી ફળિયામાં રહેતા ૩૮વર્ષીય વિક્રમભાઈ સૂરદારભાઈ પારંગી, સાપોઈ ગામના કુમાર ફળિયામાં રહેતા ૩૦ વર્ષીય વિરેન્દ્રભાઈ રમેશભાઈ આમલીયાર, મહુડી ગામના વસૈયા ફળિયામાં રહેતા ૩૨ વર્ષીય દિનેશભાઈ વિરસિંગભાઈ વસિયા તથા ૩૪ વર્ષીય હિંમતભાઈ ઉદેશીંગભાઈ વસૈયા શ્રાવણીયો જુગાર રમી રહેલા ચાર ખેલીઓને ઝડપી પાડ્યા હતા પોલીસે અંગ ઝડતીમાંથી રૂપિયા ૯૭૪૦/-ની રોકડ તથા દાવ પરથી રૂપિયા ૫૮૦૦/-ની રોકડ તેમજે રૂપિયા ૧૦,૦૦૦/-ની કુલ કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨૫, ૫૪૦/-નો મુદ્દામાલ ઝડપી લીધો છે.

દાહોદ બસ સ્ટેશનમાં એન્ટ્રી-એકઝિટ માટે એક જ રસ્તો

દાહોદ : સમસ્ત ગુજરાતમાં સૌથી વધુ આવક રળી આપતા અને એસટી તંત્રના કમાઉ દીકરા ગણાતા દાહોદના બસ સ્ટેશનમાં મુસાફરોને સુવિધાઓ પ્રદાન કરવામાં હજી પણ એસટી તંત્ર વામળ પુરવાર થતું જોવા મળી રહ્યું છે. બસ સ્ટેન્ડના પરિસરમાં કાદવનું સામ્રાજ્ય સમાપ્ત કરવા હાલમાં જ લાખોના ખર્ચે આરસીસી બનાવવામાં આવ્યું છે તેમ છતાં ચોમાસામાં પાણીનો ભરાવો રહેતા મુસાફરોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. દાહોદ બસ સ્ટેશનમાં શિયાળો, ઉનાળો હોય કે ચોમાસુ, બારેમાસ ગટરના ગંદા પાણી બસ સ્ટેશન પરિસરમાં રેલાતા રહેતા બારેમાસ કાદવનું સામ્રાજ્ય જોવા મળતું હતું.

૧.૧૮ લાખથી વધુનો જથ્થો સીઝ કરાયો

કાલોલમાં સરકારી અનાજના ગેરકાયદેસર સંગ્રહ પર મામલતદારના દરોડા

(પ્રતિનિધી) કાલોલ, તા.17 પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં આવેલ બોરૂ રોડ પર ગુપ્ત બાતમીના આધારે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા આકસ્મિક તપાસણી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન 'શક્તિ એન્ટરપ્રાઇઝ' નામના વેપારી મથકેથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર અને શંકાસ્પદ અનાજનો જથ્થો ઝડપાઈ આવ્યો છે. બોલેરો ગાડી અને દુકાનમાંથી જથ્થો ઝડપાયો તપાસ દરમિયાન દુકાન આગળ ઉભેલી પિકઅપ બોલેરો ગાડી (નંબરઃ GJ-17-XX-2191) માંથી ૧૧ કટ્ટા ચોખા અને ૩ કટ્ટા ઘઉં (અંદાજિત ૫૦ કિ.ગ્રા. વાઈઝ) મળી આવ્યા હતા. ગાડીના માલિક અને દુકાનદાર શાહ નરેશભાઈ ભીમજીભાઈ પાસે ખરીદ-વેચાણ તથા બિલ અંગે પૂછપરછ કરતા તેઓ કોઈ પણ પ્રકારના બિલ રજૂ કરી શક્યા ન હતા. ત્યારબાદ દુકાનની પાછળના ભાગે આવેલી ઘંટી અને દુકાનની તપાસ કરતા વધુ અનાજનો જથ્થો મળી આવ્યો હતો.

કુલ સીઝ કરાયેલ અનાજનો વિગતવાર જથ્થો

- **ઘઉં:** ૩ કટ્ટા (૧૫૦ કિ.ગ્રા.) - કિંમત ૩,૭૫૦
- **ચોખા:** ૧૧ કટ્ટા (૫૮૨.૫ કિ.ગ્રા.) - કિંમત ૧૭,૪૭૫
- **ચણા:** ૫ કટ્ટા (૩૨૩.૫ કિ.ગ્રા.) - કિંમત ૧૬,૧૭૫
- **મકાઈ:** ૩૪ કટ્ટા (૧૭૦૦ કિ.ગ્રા.) - કિંમત ૪૫,૯૦૦
- **મકાઈનો લોટ (સફેદ):** ૪ કટ્ટા (૨૧૮.૫ કિ.ગ્રા.) - કિંમત ૭,૬૪૮
- **મકાઈનો લોટ (પીળો):** ૪ કટ્ટા (૨૨૫ કિ.ગ્રા.) - કિંમત ૭,૮૭૫
- **કુસકી:** ૬૫ કટ્ટા - કિંમત ૧૯,૫૦૦

ગોદીરોડ વિસ્તારમાં બાંધકામ સમયે લિફ્ટ તૂટતાં બે લોકો ઘાયલ

દાહોદ : દાહોદના ગોદીરોડ વિસ્તારમાં એક મકાનના બાંધકામ દરમિયાન અકસ્માતની ઘટના સામે આવી છે. અહીં ધાબુ ભરવાની કામગીરી ચાલુ હતી ત્યારે માલ-સામાન ખેંચવા માટે વપરાતી લિફ્ટ અચાનક તૂટી પડી હતી. મળતી માહિતી મુજબ, ગોદીરોડ ખાતે એક મકાનના ત્રીજા માળે લિફ્ટ મારફતે માલ-સામાન ચડાવવાની કામગીરી ચાલી રહી હતી. તે સમયે અચાનક જ લિફ્ટ તૂટી પડી હતી. લિફ્ટ તૂટી પડતાં નીચે ઊભેલા લિફ્ટ પાયલોટ તેમજ અન્ય એક વ્યક્તિ તેની ઝપેટમાં આવી જતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા.ઘટનાને પગલે આસપાસના લોકો તાત્કાલિક એકઠા થઈ ગયા હતા અને બંને ઘાયલોને ઈમરજન્સી સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બિસમાર રસ્તા બાબતે સરપંચે છટકબારી શોધી!

સણસોલીના પાઢેવા ખેતર વિસ્તારના લોકો કાદવ-કીચડવાળા રોડથી પરેશાન

(પ્રતિનિધી) કાલોલ, તા.16 કાલોલ તાલુકાના સણસોલી ગામના પાઢેવા ખેતર વિસ્તારમાં રહેતા ૨૦ થી ૨૫ પરિવારજનો માટે ઘરે આવવા-જવાનો મુખ્ય રસ્તો ભારે હાલાકીનો સબબ બન્યો છે. છેલ્લા ઘણા સમયથી નવો રસ્તો ન બનવાના કારણે ચોમાસાની ઋતુમાં રસ્તા પર કાદવ-કીચડ અને ગંદા પાણીનું સામ્રાજ્ય પથરાઈ ગયું છે, જેનાથી સ્થાનિક રહીશોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. સ્થાનિક રહીશ નરેન્દ્રસિંહ રાઠોડે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ રસ્તેથી પસાર થવું ખૂબ જ જોખમી બની ગયું છે. ચોમાસામાં કાદવ-કીચડને કારણે રોજિંદી અવરજવરમાં ભારે અગવડ પડે છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે અહીં ફક્ત ૫૦૦ મીટર નો નવો સીસી રોડ કે મેટલ રોડ બનાવી આપવામાં આવે તે અત્યંત જરૂરી છે. તંત્ર દ્વારા નવા રોડની માપણી કરાઈ છે પણ બનાવતા નથી" આ અંગે ગ્રામ પંચાયતમાં વારંવાર મૌખીક રજૂઆતો કરવા છતાં પણ સમસ્યાનું કોઈ નક્કર નિરાકરણ લાવવામાં આવ્યું નથી.